રાજસ્થાનમાં વરરાજાએ ૧૦૦ ફૂટ લાંબો ચલણી નોટોનો હાર પહેર્યો

આટલો લાંબો હાર પહેરવા માટે સીડી પર ચડવું પડ્યું

હારમાં ૫૦૦ અને ૧૦૦ રૂપિયાની નોટો હતી, ભાડેથી લાવવામાં આવ્યો હતો

સ્થાનિક લોકો કહે છે કે લગ્ન પ્રસંગે આવા હાર પહેરવાની અહીં પરંપરા છે

જયપુર, તા. ૨૪(PTI): રાજસ્થાનના ડીગમાં એક વરરાજા ૫૦૦ અને ૧૦૦ રૂપિયાની નોટોથી બનેલો કથિત ૧૦૦ ફૂટ લાંબો હાર પહેરવા માટે સીડી પર ચઢતો હોય તેવો ૨૦ સેકન્ડનો વીડિયો ઓનલાઈન ફરતો થયો છે. આવો હાર પહેરવાની બાબતને સ્થાનિક લોકો લગ્નની વિધિનો એક ભાગ ગણાવી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવનાર આ વીડિયોમાં, વરરાજા આ અસાધારણ લાંબો હાર પહેરવા માટે જરૂરી ઊંચાઈ સુધી પહોંચવા સીડી પર ચઢતો જોવા મળે છે, જ્યારે જમીન પર ઉભેલા અનેક લોકો હારની લંબાઈને ટેકો આપીને સંતુલિત કરી રહ્યા છે. નીચે જીપ સહિતના પાર્ક કરેલા વાહનો પણ દેખાય છે, જે આ પ્રદર્શનના કદને રેખાંકિત કરે છે. એવું કહેવાય છે કે આ હાર ૫૦૦ અને ૧૦૦ રૂપિયાના મૂલ્યની નોટોમાંથી બનાવવામાં આવ્યો હતો. ડીગના પોલીસ અધિક્ષક શરણ ગોપીનાથ કાંબલેએ આ ઘટનાની પુષ્ટિ કરી અને જણાવ્યું કે આ હાર ભાડે લેવામાં આવ્યો હતો અને અત્યાર સુધી આ મામલે કોઈ ગેરકાયદેસરતા જાણવા મળી નથી.

ચીનમાં લશ્કર સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોના રહસ્યમય મૃત્યુઓ

છેલ્લા કેટલાક સમયમાં નવ જેટલા આવા વૈજ્ઞાનિકોનાં મોત થયા છે

અમેરિકાના ૧૧ વૈજ્ઞાનિકોના મોત કે લાપતા થવાની ઘટનાઓના અહેવાલ પછી હવે ચીનમાંથી અહેવાલ

બૈજિંગ, તા. ૨૪: છેલ્લા કેટલાક સમયમાં 11 અમેરિકન વૈજ્ઞાનિકોના મોત અને ગુમ થવા અંગેના અહેવાલ થોડા દિવસ પહેલા આવ્યા હતા ત્યાં હવે ચીનમાં ઓછામાં ઓછા નવ વૈજ્ઞાનિકોના રહસ્યમય રીતે મોત થયા હોવાના અહેવાલ પણ આવ્યા છે જેને પગલે અટકળો વધુ તેજ બની છે.

ચીનના ઘણા કિસ્સાઓમાં મૃત્યુનું કારણ અકસ્માત, બીમારી અથવા અકલ્પનીય ઘટનાઓ તરીકે નોંધવામાં આવ્યું છે. જો કે વ્યક્તિગત રીતે આ ખુલાસાઓ સીધા અને સરળ લાગે છે, પરંતુ સામૂહિક રીતે જોતા તેઓ વધુ તપાસ અને શંકાના દાયરામાં આવ્યા છે. સૌથી વધુ મૂંઝવણભર્યો કિસ્સો 38 વર્ષીય સંરક્ષણ ટેકનોલોજી પ્રોફેસર ફેંગ યાંગહેનો છે, જેમનું જુલાઈ 2023માં બેઈજિંગમાં મોડી રાત્રે એક કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ન્યૂઝવીકના અહેવાલ મુજબ, તેઓ તેમના મૃત્યુ પહેલા તાઈવાન પરના સંભવિત આક્રમણ સંબંધિત યુદ્ધાભ્યાસ પર કામ કરી રહ્યા હતા. સત્તાવાર અહેવાલો જણાવે છે કે જ્યારે અકસ્માત થયો ત્યારે ફેંગ એક કામકાજની મીટિંગ પતાવીને પરત ફરી રહ્યા હતા. પરંતુ અટકળો ત્યારે વધી જ્યારે તેમના મૃત્યુના સમાચારમાં તેમને 'સત્તાવાર ફરજ બજાવતી વખતે બલિદાન' આપ્યું હોવાનું વર્ણવવામાં આવ્યું, જે શબ્દો માર્ગ અકસ્માત માટે અસામાન્ય ગણાય છે. તેમની અંતિમવિધિ એક હાઈ-પ્રોફાઈલ કબ્રસ્તાનમાં કરવામાં આવી હતી જે સામાન્ય રીતે રાષ્ટ્રીય હસ્તીઓ માટે હોય છે, જેણે લોકોનું વધુ ધ્યાન ખેંચ્યું હતું.

અહેવાલો તાજેતરના વર્ષોમાં ચીની વૈજ્ઞાનિકોના ઓછામાં ઓછા નવ આવા જ મૃત્યુ તરફ ઈશારો કરે છે. આમાંના ઘણા વૈજ્ઞાનિકો લશ્કરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સ્પેસ ડિફેન્સ અને હાયપરસોનિક શસ્ત્રો જેવા અત્યંત સંવેદનશીલ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા હતા. જેમાં ડિસેમ્બર 2024માં કાર અકસ્માતમાં મૃત્યુ પામેલા અવકાશ નિષ્ણાત ઝાંગ ઝિયાઓક્સિન, 2018માં સમાન ઘટનામાં મૃત્યુ પામેલા માઈક્રોઈલેક્ટ્રોનિક્સ નિષ્ણાત ચેન શુમિંગ અને ડિસેમ્બર 2023માં મૃત્યુ પામેલા રસાયણશાસ્ત્રી ઝોઉ ગુઆંગયુઆનનો સમાવેશ થાય છે, જેમનું કારણ જાહેર કરવામાં આવ્યું નથી. અન્ય કિસ્સાઓમાં યાન હોંગ અને ફાંગ ડેનિંગનો સમાવેશ થાય છે, જે બંને હાયપરસોનિક્સના ક્ષેત્રમાં કામ કરતા હતા. બીજા પણ કેટલાક વૈજ્ઞાનિકો રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામ્યા છે.

ઓવલ ઓફિસમાં ટ્રમ્પની હાજરીમાં નાનકડા બાળકની તોફાની અદાઓ

એક કંપનીની દવાથી શ્રવણશક્તિ મેળવનાર આ બાળકને ખાસ કાર્યક્રમમાં તેની માતા સાથે હાજર રખાયો હતો

વૉશિંગ્ટન, તા. ૨૪: ઓવલ ઓફિસમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન, બે વર્ષના બાળકની સાંભળવાની શક્તિ પાછી લાવનારી એક 'ચમત્કારી' દવા જોઈને ડોનાલ્ડ ટ્રમ્પ દંગ રહી ગયા હતા. આ પ્રસંગે તે નાના બાળકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

વહીવટીતંત્ર દ્વારા પ્રિસ્ક્રિપ્શન દવાઓના ભાવ ઘટાડવાના પ્રયાસોની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં, ૨ વર્ષનો ટ્રેવિસ સ્મિથ તેની માતા સિએરાના ખોળામાં કિલકિલાટ કરતો અને હસતો જોવા મળ્યો હતો. જન્મથી સંપૂર્ણપણે બહેરા આ બાળકને 'રિજનરોન' કંપનીની એક દવા આપવામાં આવી હતી, જેણે પાછળથી તેની સાંભળવાની શક્તિ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી. અમેરિકન માર્કેટમાં દવાઓના ભાવ ઘટાડવા માટે વહીવટીતંત્ર સાથે કરાર કર્યા બાદ આ કંપનીને વ્હાઈટ હાઉસમાં આમંત્રિત કરવામાં આવી હતી. ટ્રમ્પે ટિપ્પણી કરતા કહ્યું, આ ખરેખર અવિશ્વસનીય છે. પ્રમુખે ઉત્સાહપૂર્વક જણાવ્યું કે, તે ૧૦૦ ટકા બહેરો હતો, પરંતુ તેણે આ ચમત્કારી ઈલાજ અપનાવ્યો અને હવે તે તેની માતા સિએરાને 'આઈ લવ યુ' કહેતા સાંભળી શકે છે. આ બાળકની નટખટ અદાઓએ વ્હાઈટ હાઉસની ઓવલ ઓફિસમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

મોદીની 10 રૂ.ની નોટની કિંમત 1.11 લાખ

મોદીએ ઝાલમુરીવાળાને જે 10 રૂપિયાની નોટ આપી હતી, તેની કિંમત હવે લાખોમાં હોવાના દાવા

હરિયાણાના એક ઉદ્યોગપતિએ આ નોટ ખરીદવા માટે 1.11 લાખ રૂપિયાની ઓફર આપી

નવી દિલ્હી, તા. 24: પશ્ચિમ બંગાળની ચૂંટણીના માહોલ વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ ઝારગ્રામમાં રોડસાઈડ સ્ટોલ પરથી 10 રૂપિયાની 'ઝાલમુરી' ખાતા જોવા મળે છે. આ સામાન્ય ઘટનાએ સોશિયલ મીડિયા પર બે વિચિત્ર અફવાઓને જન્મ આપ્યો છે. સોશિયલ મીડિયા પર એવો દાવો કરાઈ રહ્યો છે કે મોદીએ ઝાલમુરીવાળાને જે 10 રૂપિયાની નોટ આપી હતી, તેની કિંમત હવે લાખોમાં છે. હરિયાણાના એક ઉદ્યોગપતિએ આ નોટ ખરીદવા માટે 1.11 લાખ રૂપિયાની ઓફર આપી હોવાની વાત ફેલાઈ છે, જોકે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. બીજી તરફ, કેટલાક મીમ્સ અને રીલ્સમાં દાવો કરાયો કે ઝાલમુરી વેચનાર વ્યક્તિ ખરેખર વિક્રેતા નથી પણ વેશપલટો કરેલો સુરક્ષા અધિકારી છે. જોકે, ફેક્ટ-ચેકમાં આ વાત તદ્દન ખોટી સાબિત થઈ છે.

વેનેઝુએલાના પ્રમુખની ધરપકડની વિગતો વાપરી રૂ. 3.30 કરોડ જીત્યા

અમેરિકી સૈનિકનો ગુપ્ત મિશન પર 'સટ્ટો'

વેનેઝુએલાની કાર્યવાહીમાં સામેલ એક પીઢ સૈનિકે તેની માહિતીનો ઉપયગ કરી દાવ લગાડ્યો અને ચાર લાખ ડોલરની કમાણી કરી

આ સૈનિક સામે વિવિધ જોગવાઇઓ હેઠળ ગુના દાખલ, વર્ષોની જેલની સજા થઇ શકે

વોશિંગ્ટન, તા. ૨૪(AP): વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને પકડવા માટેના સૈન્ય ઓપરેશનમાં સામેલ અમેરિકી સ્પેશિયલ ફોર્સના એક સૈનિક પર મિશનની ગુપ્ત માહિતીનો ઉપયોગ કરીને ઓનલાઈન સટ્ટા બજારમાં ૪,૦૦,૦૦૦ ડોલરથી વધુ જીતવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, તેમ ફેડરલ અધિકારીઓએ ગુરુવારે જાહેર કર્યું હતું.

ન્યૂયોર્કની ફેડરલ પ્રોસિક્યુટર ઓફિસે જણાવ્યું હતું કે, ગેનન કેન વેન ડાયક જાન્યુઆરીમાં માદુરોને પકડવાના ઓપરેશનનો ભાગ હતા અને તેમણે પ્રિડિક્શન માર્કેટ સાઈટ 'પોલીમાર્કેટ' પર પૈસા કમાવવા માટે પોતાની ગુપ્ત માહિતી સુધીની પહોંચનો ઉપયોગ કર્યો હતો.

ન્યાય વિભાગ દ્વારા તેમના પર વ્યક્તિગત લાભ માટે સરકારી ગુપ્ત માહિતીનો ગેરકાયદેસર ઉપયોગ, બિનજાહેર સરકારી માહિતીની ચોરી, કોમોડિટીઝ ફ્રોડ, વાયર ફ્રોડ અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર કરવાના આરોપો મૂકવામાં આવ્યા છે. તેમને વર્ષોની જેલની સજા થઈ શકે છે.

ભારતે માલદીવને સાર્ક સ્વેપ હેઠળ રૂ. 3000 કરોડના ઉપાડની મંજૂરી આપી

માલે, તા. 24 (પીટીઆઈ): માલદીવની આર્થિક સ્થિતિને મજબૂત કરવા માટે ભારત દ્વારા આપવામાં આવતી સતત નાણાકીય સહાયના ભાગરૂપે, ભારત સરકારે 3,000 કરોડ રૂપિયાના પ્રથમ ઉપાડને મંજૂરી આપી છે. માલે સ્થિત ભારતીય હાઈ કમિશને ગુરુવારે એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપી હતી. આ રકમ 'સાર્ક કરન્સી સ્વેપ ફ્રેમવર્ક' હેઠળ રિલીઝ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર 2024માં માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુની નવી દિલ્હીની મુલાકાત દરમિયાન ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) અને માલદીવ સરકાર વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર થયા હતા. અગાઉ ઓક્ટોબર 2024માં આ જ ફ્રેમવર્ક હેઠળ લેવામાં આવેલી 400 મિલિયન ડોલરની રકમની મુદત ગુરુવારે પૂર્ણ થઈ હતી, જેનું સેટલમેન્ટ માલદીવે પૂર્ણ કર્યું છે. વર્ષ 2012માં સાર્ક સ્વેપ ફ્રેમવર્કની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં આરબીઆઈએ માલદીવને કુલ 1.1 બિલિયન ડોલરની સહાય પૂરી પાડી છે.

કભી ઈન્ડિયા આ કે દેખો: ટ્રમ્પની 'નરક' વાળી ટિપ્પણી પર ઈરાનનો વળતો પ્રહાર

કદાચ કોઈએ મિસ્ટર ટ્રમ્પ માટે ભારતની 'કલ્ચરલ ડિટોક્સ' ટ્રીટ બુક કરવી જોઈએ: ઈરાનના કોન્સ્યુલેટ જનરલ

મુંબઈ, તા. 24: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન જેવા દેશોને 'હેલ-હોલ્સ' (નરક સમાન જગ્યાઓ) તરીકે ઓળખાવતી એક પોસ્ટ શેર કરતા વિવાદ સર્જાયો હતો. આ મામલે હવે ઈરાને ટ્રમ્પની મજાક ઉડાવતા તેમને ભારતની મુલાકાત લેવાની સલાહ આપી છે. મુંબઈમાં ઈરાનના કોન્સ્યુલેટ જનરલે મહારાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાનો એક વીડિયો શેર કરીને ટ્રમ્પ પર પ્રહાર કર્યો. તેમણે લખ્યું કે, 'કદાચ કોઈએ મિસ્ટર ટ્રમ્પ માટે ભારતની 'કલ્ચરલ ડિટોક્સ' ટ્રીટ બુક કરવી જોઈએ, જેથી તેમની આવી 'બકવાસ' ઓછી થાય. કભી ઈન્ડિયા આ કે દેખો, ફિર બોલના.' ટ્રમ્પે માઈકલ સેવેજ નામના વિશ્લેષકની પોસ્ટ શેર કરી હતી, જેમાં ભારત અને ચીનના ઈમિગ્રન્ટ્સને લેપટોપ સાથેના ગેંગસ્ટર ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આ દેશો 'નરક' જેવા છે.

ઈઝરાયેલના PM નેતન્યાહુને પ્રોસ્ટેટ કેન્સર

નેતન્યાહુએ બે મહિના સુધી આ બીમારીની માહિતી જાહેર કરી ન હતી, ગુપ્ત રીતે સારવાર કરાવી

તેહરાન, તા. 24: ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ શુક્રવારે સોશિયલ મીડિયા પર ખુલાસો કર્યો કે તેઓ પ્રોસ્ટેટ કેન્સરથી પીડાતા હતા અને તેમણે ગુપ્ત રીતે રેડિયેશન થેરાપી દ્વારા તેની સારવાર કરાવી છે. 76 વર્ષીય નેતન્યાહુએ લગભગ બે મહિના સુધી આ બીમારીની માહિતી જાહેર કરી ન હતી. નેતન્યાહુએ જણાવ્યા મુજબ, ડિસેમ્બર 2024માં પ્રોસ્ટેટ વધવાને કારણે તેમનું ઓપરેશન થયું હતું. ત્યારપછી નિયમિત તપાસ દરમિયાન એક સેન્ટીમીટરથી નાની ટ્યુમર જોવા મળી હતી, જે શરૂઆતના સ્ટેજનું કેન્સર હતું. ડોક્ટરોએ ટ્યુમર હટાવવાની સલાહ આપતા તેમણે તરત જ રેડિયેશન થેરાપી લેવાનું નક્કી કર્યું. તેમણે જણાવ્યું કે સારવાર દરમિયાન પણ તેમણે કામ ચાલુ રાખ્યું હતું અને હવે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે.

નેતન્યાહુએ સ્વીકાર્યું કે તેમણે આ વર્ષે પોતાની મેડિકલ રિપોર્ટ જાહેર કરવામાં જાણીજોઈને વિલંબ કર્યો હતો. તેમનો હેતુ એ હતો કે યુદ્ધના સમયે ઈરાન આ માહિતીનો ઉપયોગ ઈઝરાયેલ વિરુદ્ધ પ્રોપેગેન્ડા તરીકે ન કરી શકે.

શાહરુખ ખાનની મેનેજરે રૂ. 38.21 કરોડના ત્રણ એપાર્ટમેન્ટ ખરીદ્યા

મુંબઈ, તા. 24: શાહરૂખ ખાનના લાંબા સમયના મેનેજર પૂજા દદલાણી, તેમના પતિ હિતેશ પ્રકાશ ગુરનાણી અને પિતા મોહન શિયોરામ દદલાણીએ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ત્રણ એપાર્ટમેન્ટમાં રોકાણ કર્યું છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, આ સમગ્ર વ્યવહારની કિંમત રૂ. 38.21 કરોડ આંકવામાં આવી છે. આ એપાર્ટમેન્ટ્સ કાર્ટર રોડ પર આવેલા 'વરુણ' નામના બિલ્ડિંગમાં પુનઃવિકાસ પ્રોજેક્ટ હેઠળ છે. ઉપરના માળ પર સ્થિત આ યુનિટ્સ લોટસ ડેવલપર્સની પેટાકંપની 'ટ્રાયક્ષ રિયલ એસ્ટેટ પ્રાઈવેટ લિમિટેડ' પાસેથી ખરીદવામાં આવ્યા છે. પૂજા દદલાણી, તેમના પતિ અને પિતાએ પ્રત્યેક એક-એક એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. પૂજા દદલાણી બોલિવૂડના સૌથી પ્રખ્યાત સેલિબ્રિટી મેનેજર્સમાંના એક ગણાય છે, જે શાહરૂખ ખાનના પ્રોફેશનલ કેલેન્ડર, એન્ડોર્સમેન્ટ્સ અને જાહેર કાર્યક્રમોનું સંચાલન કરે છે.

ફેન્ટી બ્યૂટીના લોન્ચિંગ માટે રિહાનાનું મુંબઈમાં આગમન

મુંબઈ, તા. 24 (પીટીઆઈ): બોલિવૂડની ચમક-દમક વચ્ચે ફરી એકવાર ગ્લોબલ મ્યુઝિક સેન્સેશન રિહાનાએ મુંબઈની ધરતી પર પગ મૂક્યો છે. ગુરુવારે સાંજે જ્યારે આ ગ્રેમી વિજેતા સિંગર ઓલ-બ્લેક આઉટફિટમાં એરપોર્ટ પર જોવા મળી, ત્યારે પાપારાઝીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રિહાનાએ પણ ખૂબ જ સાદગીથી સ્મિત આપીને કેમેરા સામે વેવ કર્યું હતું. રિહાના તેની બ્રાન્ડ 'ફેન્ટી બ્યૂટી' (Fenty Beauty)ના એક ખાસ પ્રમોશનલ ઈવેન્ટ માટે ભારત આવી છે. દક્ષિણ મુંબઈના એક આલીશાન મોલમાં શુક્રવારે સાંજે 'ફેન્ટી બ્યૂટી કી હવેલી પોપ-અપ' નામનો એક ભવ્ય કાર્યક્રમ યોજાવાનો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટૂંકી મુલાકાત દરમિયાન રિહાના રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના બોર્ડ મેમ્બર ઈશા અંબાણી પિરામલને પણ મળી શકે છે. એટલું જ નહીં, એવી પણ ચર્ચા છે કે તે ફરી એકવાર જામનગરની મુલાકાત લેશે. યાદ અપાવી દઈએ કે, માર્ચ 2024માં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શનમાં રિહાનાના પર્ફોર્મન્સે ધૂમ મચાવી હતી. તેના 'ડાયમંડ્સ' અને 'રયુડ બોય' જેવા ગીતોના કરોડો ફેન્સ ભારતમાં છે. મુંબઈમાં તેના આ લુક અને ઈવેન્ટની તસવીરો સોશિયલ મીડિયા પર અત્યારે ટ્રેન્ડ કરી રહી છે.

ડિસ્ટ્રીક્ટ : સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકો : ચોર્યાસી, મોજે ગામ : દેલાડવા બ્લોક નંબર : ૯૬ વાળી બીનખેતીની જમીન મિલકત વેચાણ બાબતેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ : સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા : ચોર્યાસીના, **મોજે ગામ : દેલાડવા**ના ખાતા નંબર : ૭૨૮, **બ્લોક નંબર ૯૬**, જેનું **ક્ષેત્રફળ હે.આરે ૧-૭૫-૦૩ ચો.મી. બીનખેતીની જમીન (૧) પરેશભાઈ દાનાભાઈ કલસરીયા, (૨) પ્રકાશભાઈ ભીમજીભાઈ કવાડ, (૩) રામજીભાઈ ડાયાભાઈ બળદાણીયા, (૪) શાંતાબેન જીથરભાઈ આહીર તે દાનાભાઈ ખીમાભાઈ કલસરીયાની ધર્મપત્નિ, (૫) અલ્પાબેન પરેશભાઈ કલસરીયા** નાઓએ તેમની સ્વતંત્ર માલિકીની કબજા, ભોગવટા હેઠળ બીન તકરારી, નકરજી, નબોજી, નકરજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈપણ ભાગીદારો, વારસદારો, તમામ હકકદારો, કબજેદારો, કોઈપણ વ્યકિત, ઈસમ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, અપીલ, તર/તકરાર, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સોદા ચીઠી, સાટાખત વિગેરે કોઈપણ પ્રકારના હકકો, અધિકારો, લખાણો ચાલી આવેલ હોય,તો તેવા સદર જમીનમાં હિત ધરાવનાર વ્યકિતઓએ તેમના હિત બાબતે કાયદેસરના પુરાવા સહીત સદર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી **દિન-૭** માં હમોને રૂબરૂ લેખીત જાણ કરીને તે અંગેની ખાત્રી કરાવી જવી મુદત વિત્યે તેમ કરવામાં નહિ આવે તો હમારા અસીલ મજકુર જમીન પર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દર, દાવા હિત નથી. અને હોય તો સ્વેચ્છાએ જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ મજકુર જમીનના હાલના માલીકો સાથે વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પુર્ણ કરી જરૂરી તમામ દસ્તાવેજો કરાવીલેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, દલીલ, દર, દાવા ચાલશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓફિસ : ૪૦૮૧, ચોથો માળ, સીલ્વર બીઝનેસ પોઈન્ટ, વી.આઈ.પી. સર્કલ, ઉત્રાણ-કોસાડ રોડ, ઉત્રાણ, સુરત. મો. ૭૮૭૮૨ ૪૦૦૦૨

અખિલ એસ. વેકરીયા
(એડવોકેટ)
(અસીલની સુચના અને ફરમાઈશથી)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **સ્ટેશન રોડ શાખા :** શાલીમાર ટોકિઝ નજીક, ભરૂચ–૩૯૨૦૦૧ ફોન : ૯૦૯૯૦૦૭૪૪૪ E-mail : stabro@bankofbaroda.co.in

લોકર ખોલવા અંગેની નોટીસ

લોકર ધારાકો અને બેંક વચ્ચે થયેલા સેફ ડિપોઝિટ લોકર કરાર મુજબ ભાડું ચુકવામાં ન આવ્યું હોવાના પરિણામે, ટર્મિનેશન નોટીસ અને બેંક ખોલવાની નોટીસ નીચેના લોકર ધારાકોને તેમના નોંધાયેલા સરનામે પોસ્ટ દ્વારા મોકલવામાં આવી હતી, પરંતુ ઉપરોક્ત નોટીસ ડિલિવર થયા વિના પરત આવી અને ઉપરોક્ત લોકર કરાર મુજબ અન્ય તમામ પ્રયાસો છતાં, લોકર ધારાકોએ ન તો જવાબ આપ્યો કે ન તો તેમને શોધી શકયા.

અ. નં.	શાખા	લોકરહોલ્ડ નું નામ	સરનામું	નોટીસની તારીખ	લોકર નં.	ઓવરડયુ
૧	સ્ટેશન રોડ	રમેશચંદ્ર જર્નાદન અધવાર્યુ અને યોગેશ કુમાર રમેશ	મુ. પોસ્ટ.દહેજ, તા. વાગરા, જી. ભરૂચ, ગુજરાત.	૧) ૨૫.૦૪.૨૦૨૫ ૨) ૨૪.૦૭.૨૦૨૫	૪૫ ઈ–દેના (7142AX0106)	રૂા.૪,૭૨૦/– + પેનલ્ટી
૨	સ્ટેશન રોડ	૧. હરેન્દ્રસિંહ પદમસિંહ રાજપુત ૨. નંદકુવરબેન હરેન્દ્રસિંહ રાજપુત ૩. હરેન્દ્રસિંહ પદમસિંહ રાજપુત ૪. રાજપુત પ્રીતી	મુ. ૪૨, નીલકંઠનગર ખાડી, ભરૂચ	૧) ૨૫.૦૪.૨૦૨૫ ૨) ૨૪.૦૭.૨૦૨૫	૪૪ ઈ–દેના (7142AX0105)	રૂા.૧૬,૮૭૪/– + પેનલ્ટી

ઉપરોક્ત લોકર કરારની જોગવાઈઓના સંદર્ભમાં, અમે તમને સૂચના આપીએ છીએ કે જો આ સૂચનાની તારીખથી ૩ મહિનાના સમયગાળામાં લોકર સોંપવામાં ન આવે અને લોકરની ચાવી પરત ન કરવામાં આવે, તો અમે ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે ૩ .૦૦ વાગ્યે (કામચલાઉ) તમારું લોકર ખોલવાની કાર્યવાહી કરીશું અને લોકર ખોલતી વખતે લોકરમાંથી મળેલી સામગ્રી, જો કોઈ હોય, તેની ઈન્વેન્ટરી તૈયાર કરવામાં આવશે.

વધુમાં, મુદતવીતી ભાડું, દંડ, ચાર્જ, બ્રેક ઓપન ચાર્જ અને અન્ય ખર્ચ તમારી પાસેથી વસૂલ કરવામાં આવશે અને લોકરની સામગ્રી પર અમલમાં મુકાયેલા લોકર કરાર અને કાયદાની દ્રષ્ટિએ કાર્યવાહી કરવામાં આવશે.

કૃપા કરીને નોંધ લો કે ઉપરોક્ત સંદર્ભમાં બેંક દ્વારા લેવામાં આવેલ કોઈપણ પગલાં બેંકને ઉપલબ્ધ અધિકારો, ઉપાયો અને દલીલો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના છે અને તે તમારા ખર્ચ, જવાબદારી, જોખમ અને જવાબદારી, પરિણામો પર રહેશે અને બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

તા. ૨૫/૦૪/૨૦૨૬, સ્થળ : ભરૂચ — શાખા હેડ / અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી
અઠવાગેટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧

વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીની જાહેરાત

સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તાઃ૨૪/૦૫/૨૦૨૬ ના રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે સોસાયટીમાં મળશે. તે પૂર્વે તાઃ૧૭/૦૫/૨૦૨૬ ને રવિવારના રોજ મેનેજિંગ કમિટિમાં ખાલી પડેલી છ(૬) જગ્યાઓની અને સોસાયટીના હોદ્દેદારોની ચૂંટણી યોજાશે.

:: ચૂંટણીનો કાર્યક્રમ ::

(૧) ઉમેદવારી નોંધવાનો આરંભ તારીખઃ ૨૯/૦૪/૨૦૨૬, બુધવાર સવારે ૧૦=૦૦ કલાકથી શરૂ.
(૨) ઉમેદવારી નોંધાવવાની આખરી તારીખઃ ૦૧/૦૫/૨૦૨૬, શુક્રવારના રોજ સાંજના ૪=૦૦ કલાક સુધી.
(૩) ઉમેદવારીપત્રોની ચકાસણી તારીખઃ ૦૨/૦૫/૨૦૨૬, શનિવારના રોજ બપોરે ૧૨=૦૦ કલાકથી શરૂ.
(૪) ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની આખરી તારીખઃ ૦૩/૦૫/૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૪=૦૦ વાગ્યા સુધી.
(૫) ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવાનો સમયઃ તારીખઃ ૦૩/૦૫/૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૪=૩૦ કલાકે.
(૬) જરૂર પડે તો મતદાનની તારીખઃ ૧૭/૦૫/૨૦૨૬, રવિવારે સવારે ૧૦=૦૦ થી બપોરના ૧=૦૦ કલાક સુધી.
(૭) મતદાન પૂરૂ થયા પછી મતગણતરી કરવામાં આવશે અને પરિણામ જાહેર કરવામાં આવશે. પરિણામ જાહેર થયા બાદ તરત જ મેનેજીંગ કમિટીના સભ્યો દ્વારા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવશે, જો ચૂંટણી નહીં થાય તો પણ તાઃ ૧૭/૦૫/૨૦૨૬ ના રોજ મેનેજીંગ કમિટીના સભ્યો દ્વારા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવશે.

નોંધઃ (૧) વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા અને ચૂંટણીનો કાર્યક્રમ કુરીયર દ્વારા તમામ સભ્યોને મોકલવામાં આવેલ છે તેમજ આ જાહેર ખબર દ્વારા પણ જાણ કરવામાં આવે છે.
(૨) વહીવટી ખર્ચની રકમ ભરવાની બાકી હોય, તેઓને વહેલી તકે વહીવટી ખર્ચની રકમ જમા કરાવવા તાકીદ કરવામાં આવે છે. વહીવટી ખર્ચની રકમ નહીં ભરનાર મતદાનથી વંચિત રહેશે.

(મોહંમદરઝી મીરઝા)
ઓનરરી જનરલ સેક્રેટરી
સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી

તારીખઃ ૨૫/૦૪/૨૦૨૬

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **વિશાલ નગર શાખા :** સંઘવી ટાવર, અડાજણ રોડ,સુરત–૩૯૫૦૦૯ જી. : સુરત. ફોન : ૦૨૬૧–૨૭૮૭૮૦૯,૨૭૮૭૮૮૦૮ Email : dbvsur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **શ્રી અનીલભાઈ રઘુભાઈ ઘોનીયા, શ્રી વિજયભાઈ રઘુભાઈ ઘોનીયા, અને શ્રીમતી જયોત્સનાબેન વિજયભાઈ ઘોનીયા :**
ફલેટ નં. ૩૦૨ અને ૩૦૩ શુભમ કોમ્પલેક્ષ, તીંથરાજ કોમ્પલેક્ષ સામે, સીંગણપોર ગામ, સીંગણપોર, જી.સુરત.

મહેરબાનશ્રી,
વિષય : અમારી વિશાલનગર શાખા માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.
અમારા **તા.૨૬.૦૩.૨૦૦૭** ના રોજના મંજૂરી પત્ર માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીક્યુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર	૨૧.૧૨.૨૦૨૫ ના રોજ ની બાકી + તેના પરનું વધારાનું વ્યાજ + અને અન્ય ચાર્જીસ જો હોય તો (૩૦.૧૧.૨૦૨૫ સુધી ના વ્યાજ સહિત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
હાઉસીંગ લોન ખાતા નં. (૭૩૩૨ ૦૬૦૦૦૦ ૦૧૧૭)	રૂ. ૭,૩૦,૦૦૦/–	બીઆરએલએલઆર+ ૧.૫૦ એટલે ૯.૪૦%)	રૂા.૨,૧૬,૬૭૧.૭૦ (મુળ) + રૂા. ૩,૬૨૮/– (અનસંવીસ વ્યાજ) + (તા.૦૧.૧૨.૨૦૨૫ સુધી) લાગુ નહી કરેલ વ્યાજ + ૨% (પેનલવ્યાજ) = રૂા. ૨,૨૦,૨૯૯.૭૦ + (તા.૦૧.૧૨.૨૦૨૫ થી) લાગુ નહી કરેલ વ્યાજ + ૨% (પેનલવ્યાજ)+ તેના પરનું વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ જો હોય તો	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે શુભમ કોમ્પલેક્ષ ની બિલ્ડીંગ ના ઉજા માળનો ફલેટ નં. ૩૦૨ અને ૩૦૩, જેનું માપ ૬૮૫.૦૦ ચો.ફૂટ એટલે ૬૬.૬૩.૮૭ ચો.મીટર અને ૪૫૦.૦૦ ચો. ફૂટ એટલે ૪૧.૮૦.૬૫ ચો.મી, સીંગણપોર કોઝવે રોડ સીટી સર્વે ચલતા/ નોંધ નં. ૭૨/એ,ગામ. સીંગણપોર, તા. સુરત સીટી, જી. સુરત ખાતે અનીલભાઈ રઘુભાઈ ઘોનીયા અને શ્રી વિજયભાઈ રઘુભાઈ ઘોનીયા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : જોડેની મિલકત, **દક્ષિણ તરફ** : જોડેનો રોડ, **પૂર્વ તરફ** : જોડેની બિલ્ડીંગ, **પશ્ચિમ તરફ** : જોડેનો રોડ આવેલ છે.
			= રૂા. ૨,૨૦,૨૯૯.૭૦ + (તા.૦૧.૧૨.૨૦૨૫ થી) લાગુ નહી કરેલ વ્યાજ + ૨% (પેનલવ્યાજ) + તેના પરનું વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ જો હોય તો	

૨. **તા. ૨૬.૦૩.૨૦૦૭** ના રોજ લોનના કરાર દસ્તાવેજ મુજબ તમે **તા.૨૬.૦૩.૨૦૦૭** ના રોજના **રૂા.૭.૩૦ લાખ** ની જવાબદારી સ્વીકારી છે. **તા.૩૦.૧૧.૨૦૨૫** સુધીના વ્યાજ સહિતની બાકી રકમ અને વધારાનો ઉપાડ સહિતની છે. ખાતામાં અન્ય ચાર્જીસ ઉધારેલ નથી. **અથવા**
કંપનીના ઓડિટેડ બેલેન્સ શીટમાં, પુરા થયેલા વર્ષ માટે ૩૧ માર્ચ ના રોજ..... જણાવેલ બેંક પ્રત્યે રૂા..... લાખ જવાબદારીની પુષ્ટિ અને સ્વીકૃત છે, ... ઉપર જણાવેલ બાકી ડ્રોઈંગ અને રકમમાં વધુ વ્યાજ નો સમાવેશ થાય છે ખાતામાં રૂા.... સુધીનું વ્યાજ ડેબિટ થયેલા અન્ય ચાર્જીસ (લાગુ પડતું નથી તે કાઢી નાખો) (લાગુ પડતુ નથી) ૩. તમે જાણો છો કે **સપ્ટેમ્બર, ૨૦૨૫** માં પુરા થયેલ માહીના નાઅંતમાં તમે ઉપરોક્ત લોન ના વ્યાજ ની પરત ચુકવવામા કસુર કર્યો છે. અને **તા.૦૧.૦૯.૨૦૨૫** અને ત્યાર બાદ લોનના હપ્તા/બાકી રકમ ચુકવવામાં પણ કસુર કર્યો છે.૪. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. તમારૂં લોન ખાતું **તા.૩૦.૧૧.૨૦૨૫** ના રોજ રીઝાર્વ બેંક ઓફ ઈન્ડયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમારી માંગણાની વારંવારની વિનંતી છતાં તમે ઓવરડયુ લોન તેના ઉપરના વ્યાજ સાથે ચુકવ્યા નથી. **૫.** ઉપરોક્ત પેરા–૧ માં જણાવેલ સિક્યોરીટા દ્વારા સુરક્ષીત કરેલ ક્રેડીટ સુવિધા ના સંદર્ભમાં તમારી જવાબદારી પૂર્ણ કરવામાં તમારી અસમર્થ ને ધ્યાનમાં રાખી અને તમારા ખાતાને નોના–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવા માટે અમે તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી સીસી/ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૨,૨૦,૨૯૯.૭૦/– (અંકે રૂા. બે લાખ વીસ હજાર બસો નવાણું અને સીત્તેર પૈસા પુરા) તા.૦૧.૧૨.૨૦૨૫ થી લાગુ નહી કરેલ વ્યાજ + ૨% (પેનલવ્યાજ) + તેના પરનું વધારાનું વ્યાજ + અને અન્ય ચાર્જીસ જો હોય તો** જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા. ૨૨.૧૨.૨૦૨૫ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, વિશાલનગર શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **પલસાણા શાખા :** લક્ષ્મી શોપીંગ સેન્ટર, જી.સુરત– ૩૯૪૩૧૫ મો નં. ૯૧૫૨૯૪૦૧૫૪ Email :dbpals@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) ના રૂલ ૩ સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ની સત્તા હેઠળ **તા.૩૧.૦૫.૨૦૨૫** ના રોજ **ડિમાન્ડ નોટીસ** બજાવીને **દેવાદારો શ્રી ડોંગરસીંગ રાજેશસીંગ રાજપુત (દેવાદાર), શ્રીમતી સુનીતાબાઈ રાજેશસીંગ રાજપુત (સહદેવાદાર), અને શ્રી રાજેશસીંગ ભીમસીંગ રાજપુત (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૦,૫૬,૭૮૨.૮૯/– (અંકે રૂા. દસ લાખ છપ્પન હજાર સાતસો બ્યાંશી અને નેવ્યાંશી પૈસા પુરા) વત્તા રીવર્સઝડ વ્યાજ લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૦મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડાની રકમ રૂા.૧૦,૫૬,૭૮૨.૮૯/– (અંકે રૂા. દસ લાખ છપ્પન હજાર સાતસો બ્યાંશી અને નેવ્યાંશી પૈસા પુરા) વત્તા રીવર્સઝડ વ્યાજ લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'દસ્તાન રેસીડન્સી' નામે જાણીતી રેસીડન્સી નો પ્લોટ નં. ૧૫૧ (કેજેપી મુજબ ગામ ના ૭/૧૨ મુજબ બ્લોક નં. ૬૭/૧૫૧) માપ ૪૦.૧૮ ચો.મી ભોયતળીયા + પહેલા માળના ૩૫.૯૪ ચો.મી ના બાંધકામ સહીત આ રેસીડન્સી ના ૧૩.૨૫ ચો.મી ના પ્રમાણસર વણવહેંચાયેલ રોડ અને સી.ઓપીના હિસ્સા સહિત જમીન રેવન્યુ સર્વે નં.૨૦ તેનો બ્લોક નં.૨૬ માપ ૩૨૦૭૨ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૫૯ તેનો પ્લોટ નં. ૬૭ માપ ૫૧૯૦૧ ચો.મી, અને રેવન્યુ સર્વે નં. ૬૬ તેનો બ્લોક નં. ૨૦૦ માપ ૧૫૩૭૮ ચો.મી કુલ માપ ૯૯૩૫૧ ચો.મી મોજે ગામ. દસ્તાન, સબ ડિસ્ટ્રીક્ટ. પલસાણા, ડિસ્ટ્રીક્ટ.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : આંતરીક રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૬૪, **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૫૨, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૫૦ આવેલ છે.
ઉપર ની મિલકત **બેંક ઓફ બરોડા**માં ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડના ઈસ્ટ્રુમેન્ટ તા. ૧૭.૦૧.૨૦૨૨ થી મોર્ગેજ થયેલ છે જેનો રજીસ્ટ્રેશન નં. –૭૦૧ થી એસઆરઓ– પલસાણા ની ઓફીસમાં નોધાયેલ છે. CERSAI ID : 4000659030422

તા. ૨૦.૦૪.૨૦૨૬ | સ્થળ : પલસાણા — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પલસાણા શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **વિશાલ નગર શાખા :** સંઘવી ટાવર, અડાજણ રોડ,સુરત–૩૯૫૦૦૯ જી. : સુરત. ફોન : ૦૨૬૧–૨૭૮૭૮૦૯,૨૭૮૭૮૮૦૮ Email : dbvsur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **૧. શ્રી કિરીટભાઈ વલ્લભભાઈ વેકરીયા (જામીનદાર) :**
૩૦૧, શુભમ કોમ્પલેક્ષ, સીંગણપોર, સુરત

મહેરબાનશ્રી,
વિષય : **શ્રી અનીલભાઈ રઘુભાઈ ઘોનીયા, શ્રી વિજયભાઈ રઘુભાઈ ઘોનીયા અને શ્રીમતી જયોત્સનાબેન વિજયભાઈ ઘોનીયા** દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે

૧. તમને ખબર છે તે પ્રમાણે તારીખ ૨૬.૦૩.૨૦૦૭ ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી અનીલભાઈ રઘુભાઈ ઘોનીયા, શ્રી વિજયભાઈ રઘુભાઈ ઘોનીયા અને શ્રીમતી જયોત્સનાબેન વિજયભાઈ ઘોનીયા** ની પાસેથી કુલ ક્રેડીટ રકમ **રૂા.૭,૩૦,૦૦૦/–(અંકે રૂા. સાત લાખ ત્રીસ હજાર પુરા)** ના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિક્યુરીટી પૂરી પાડવાની રહેશે નહી.

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે શુભમ કોમ્પલેક્ષ ની બિલ્ડીંગ ના ઉજા માળનો ફલેટ નં. ૩૦૨ અને ૩૦૩, જેનું માપ ૬૮૫.૦૦ ચો.ફુટ એટલે ૬૬.૬૩.૮૭ ચો.મીટર અને ૪૫૦.૦૦ ચો. ફુટ એટલે ૪૧.૮૦.૬૫ ચો.મી, સીંગણપોર કોઝવે રોડ સીટી સર્વે ચલતા/ નોંધ નં. ૭૨/એ,ગામ. સીંગણપોર, તા. સુરત સીટી, જી. સુરત ખાતે **શ્રી અનીલભાઈ રઘુભાઈ ઘોનીયા અને શ્રી વિજયભાઈ રઘુભાઈ ઘોનીયા** ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ :** જોડેની મિલકત, **દક્ષિણ તરફ :** જોડેનો રોડ, **પૂર્વ તરફ :** જોડેની બિલ્ડીંગ, **પશ્ચિમ તરફ :** જોડેનો રોડ આવેલ છે.

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી જામીનદારને **તા.૨૨.૧૨.૨૦૨૫** સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી. તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને લોન/ ક્રેડીટની બાકી રકમ **રૂા. ૨,૨૦,૨૯૯.૭૦/– (અંકે રૂા.બે લાખ વીસ હજાર બસો નવાણું અને સીત્તેર પૈસા પુરા)** + ૦૧.૧૨.૨૦૨૫ થી લાગુ નહી કરેલ વ્યાજ + ૨% પેનલ વ્યાજ + તેના પર વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ જો હોય તો અને અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૨૨.૧૨.૨૦૨૫** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ). ૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી. ૪. અમે તમારૂ ધ્યાન ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ કોસ્ટ,ખર્ચાઓ, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છૂટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી. **૫.** અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૨૨.૧૨.૨૦૨૫ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, વિશાલનગર શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **ભાઠા શાખા :** સુરત ડિસ્ટ્રીકટ રીજીન, જી એફ દુકાન નં. ૨૨–૨૮, સ્ટાર વર્લ્ડ, ગ્રીન સીટી રોડ, ભાઠા, જી.સુરત – ૩૯૪૫૧૦ ફોન નં : ૦૨૬૧– ૨૨૧૦૫૦૦, મો નં.: ૮૯૮૦૦૧૦૮૯૪ Email :bhath@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રીમતી વીનીતા સંજય જૈન (જામીનદાર) :** ફલેટ નં. એ–૭૦૩, ૭મો માળ, ટાઈપ–એ, સિધ્ધી ટાવર સમર્થ પાર્ક, અડાજણ સર્કલ નજીક, અડાજણ, સુરત– ૩૯૫૦૦૯

મહેરબાનશ્રી,
વિષય : **મેસર્સ શ્રી અરહમ એન્ટર્પ્રાઈઝ (માલિક. શ્રી સંજય પારસમલ જૈન)**
ખાતા નં. ૮૨૮૫૦૫૦૦૦૦૦૦૦૧ દ્વારા લીધેલ ક્રેડિટ સુવિધાલોન માં તમારી જામીનગીરી અંગે

૧. તમને ખબર છે તે પ્રમાણે તમે **તા.૨૫.૧૧.૨૦૨૪** ના રોજ તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **મેસર્સ શ્રી અરહમ એન્ટર્પ્રાઈઝ (માલિક. શ્રી સંજય પારસમલ જૈન) ખાતા નં. ૮૨૮૫૦૫૦૦૦૦૦૦૦૧** ની પાસેથી **રૂા.૧૩૦૦૦૦૦૦/–** વત્તા વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચે મુજબ ની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.
૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી **તા.૧૩.૦૪.૨૦૨૬** ના રોજ જામીનદારને સકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/ક્રેડિટ ફેસીલીટી બાકી રકમ **રૂા.૧,૫૯,૭૨,૯૫૭.૦૯/– (અંકે રૂપિયા એક કરોડ ઓગણસાઠ લાખ બોત્તેર હજાર નવસો સત્તાવન અને નવ પૈસા પુરા)+ વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૧૩.૦૪.૨૦૨૬**મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ)
૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.
૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
૫. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.
૭. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૧૩.૦૪.૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભાઠા શાખા